### નવસારી કૃષિ યુનિવર્સિટીની હોસ્ટેલ અને મેસમાં ફૂડ વિભાગના દરોડા

# વિદ્યાર્થીઓના ભોજનમાં અખાદ્ય ખોરાક




**NAUની** મેસ કે સાહસિક ઉદ્યાન? વાસી સમોસા ખાઓ અને 'પેટના રોગ' જીતો!

**કૃષિ** યુનિવર્સિટીમાં 'અખાદ્ય પાક' લણાયો: દંડ કરવાના બદલે તંત્રએ 'નોટિસ'ની છાશ પીવડાવી!

નવસારી : નવસારી કૃષિ યુનિવર્સિટી (NAU)ના હોસ્ટેલ, મેસ અને કેન્ટીનમાં વિદ્યાર્થીઓને પીરસાતા ભોજનની ગુણવત્તા અને સ્વચ્છતાને લઈને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે ઓચિંતી તપાસ હાથ ધરતાં ચોંકાવનારી બેદરકારી સામે આવી છે. આરોગ્ય મંત્રી અને ફૂડ સેફ્ટી કમિશનરની સૂચના બાદ હાથ ધરાયેલી કાર્યવાહીમાં ૧૨ જેટલા મેસ, હોસ્ટેલ અને કેન્ટીનની તપાસ કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન વાસી અને અખાદ્ય હાલતમાં રહેલો કુલ ૫.૭ કિલોગ્રામ જથ્થો મળી આવ્યો હતો. જેમાં બગડેલી વરિયાળી, અખાદ્ય ફ્રોઝન સમોસા અને અયોગ્ય ક્રિસ્ટલ સોલ્ટનો સમાવેશ થતો હતો. જપ્ત કરાયેલો જથ્થો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો, જ્યારે ભોજનની ગુણવત્તા ચકાસવા માટે ૧૦ શંકાસ્પદ ખાદ્ય નમૂના લેબોરેટરી પરીક્ષણ માટે લેવામાં આવ્યા હતા.



### નિયમભંગ સામે દંડાત્મક કાર્યવાહીની જરૂર

હવે લેબોરેટરી રિપોર્ટમાં શું સામે આવે છે અને જવાબદાર સંચાલકો સામે કઈ કાર્યવાહી થાય છે તેના પર સૌની નજર છે. વિદ્યાર્થીઓને સ્વચ્છ અને સુરક્ષિત ભોજન મળે તે માટે તંત્રએ દરોડા પૂરતું નહીં, પરંતુ નિયમિત દેખરેખ અને નિયમભંગ સામે અસરકારક દંડાત્મક કાર્યવાહી કરવાની જરૂર છે.

વિદ્યાર્થીઓના આરોગ્ય સાથે સીધી રીતે જોડાયેલા મામલામાં ચાર સંચાલકોને માત્ર 'ઈમ્પ્રૂવમેન્ટ નોટિસ' આપવામાં આવતા હવે કાર્યવાહી સામે સવાલો ઉઠ્યા છે. અખાદ્ય સામગ્રી મળી, જથ્થો નાશ કરાયો અને છતાં અંતે કાર્યવાહી નોટિસ સુધી જ સીમિત રહી તો નિયમોના ભંગ સામે કડક દંડ ક્યારે?

ખાસ કરીને સવાલ એ પણ છે કે ખાદ્ય સુરક્ષાના નિયમોનું પાલન કરાવવા માટે નિયમિત તપાસ થતી હતી કે પછી ઉપરથી સૂચના મળ્યા બાદ જ તંત્ર હરકતમાં આવ્યું? વિદ્યાર્થીઓ અને વાલીઓનું આરોગ્ય કોઈ પ્રયોગશાળા નથી કે બેદરકારી સામે માત્ર નોટિસ આપી મામલો પૂરો કરી દેવામાં આવે.

### નવસારીના ઓવારા પર ગણેશ વિસર્જનની વ્યવસ્થાની પોલ ખુલી

# પૂર્ણા ઓવારા પર અણિયાળા પથ્થરો, કૃત્રિમ તળાવો ગાયબ

**ખરાબ** રસ્તાને કારણે ગણેશભક્તોની આસ્થાની કસોટી થશે

**કૃત્રિમ** તળાવો પૂરાઇ જતાં અને માર્ગ પર અણિયાળા પથ્થરો-ચીકણી માટી હોવાથી જોખમ વધ્યું



નવસારી : ગણેશોત્સવના પવિત્ર પર્વમાં શ્રીજીની પ્રતિમાના વિસર્જન માટે પૂર્ણા નદીના ઓવારા તરફ ઉમટતા ભક્તો માટે નવસારી મહાનગરપાલિકાની વ્યવસ્થાની પોલ દોઢ દિવસમાં જ ખુલ્લી પડી છે. લાખોના ખર્ચે કરાયેલી કામગીરી ચોમાસાના પૂરમાં ધોવાઈ જતાં ઓવારા તરફનો માર્ગ અણિયાળા પથ્થરો અને ચીકણી માટીથી જોખમી બન્યો છે. બીજી તરફ, અગાઉ તૈયાર કરાયેલા ત્રણથી વધુ કૃત્રિમ વિસર્જન તળાવો પણ પૂરાઈ જતા વિસર્જન વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

દોઢ દિવસની માનતા દરમિયાન શ્રી રામજી મંદિર ટ્રસ્ટ, વિરાવળ દ્વારા ૧૨૫થી વધુ શ્રીજીની પ્રતિમાઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં ભક્તો ઓવારા પહોંચ્યા હતા, પરંતુ માર્ગની દયનીય હાલતને કારણે ભારે હાલાકી ભોગવવી પડી હતી. મોટા અને અણિયાળા પથ્થરો વચ્ચે ચીકણી માટી હોવાથી પગ લપસવાનો ભય સતત રહે છે. ખાસ કરીને બાળકો, મહિલાઓ અને વૃદ્ધો માટે આ માર્ગ જોખમી બની રહ્યો છે.



કૃત્રિમ વિસર્જન તળાવો પૂરાઈ જતાં પીઓપી સહિતની મૂર્તિઓ નદીમાં સીધી પધરાવવાની સ્થિતિ સર્જાઈ રહી છે. આથી પૂર્ણા નદીના જળજીવન અને પર્યાવરણ સામે પણ ચિંતા ઊભી થઈ છે.

# પૂરઝડપે દોડતી ફોર્ચ્યુનર કારે બે મહિલાને અડફેટે લીધી

**નવસારીના** તિઘરા જકાતનાકા પાસે ૬૫ વર્ષીય વૃદ્ધાની હાલત ગંભીર, ICUમાં ખસેડાયા



નવસારી : નવસારી શહેરના તિઘરા જકાતનાકા વિસ્તારમાં શનિવારે બપોરે પૂરઝડપે આવેલી ફોર્ચ્યુનર કારની અડફેટે બે મહિલાઓ આવી જતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ૬૫ વર્ષીય વૃદ્ધાને ગંભીર ઈજાઓ પહોંચતાં વધુ સારવાર માટે ICUમાં દાખલ કરવામાં આવ્યા છે. સમગ્ર ઘટના CCTV કેમેરામાં કેદ થઈ હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ, બંને મહિલાઓ તિઘરા વિસ્તારમાં આવેલા ૫૨ જિનાલયમાં દર્શન કર્યા બાદ પરત ફરી રહી હતી. દરમિયાન પૂરઝડપે આવેલી ફોર્ચ્યુનર કારે તેમને જોરદાર ટક્કર મારી હતી. ટક્કરની તીવ્રતા એટલી હતી કે બંને મહિલાઓ રસ્તા પર ફંગોળાઈ ગઈ હતી. અકસ્માત બાદ આસપાસના લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત મહિલાઓને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી.

૬૫ વર્ષીય વૃદ્ધાની હાલત ગંભીર જણાતાં તેમને ICUમાં દાખલ કરી વધુ સારવાર શરૂ કરવામાં આવી છે. ઘટનાની જાણ થતાં પોલીસ પણ સ્થળ પર પહોંચી હતી અને CCTV ફૂટેજના આધારે સમગ્ર અકસ્માતની તપાસ હાથ ધરાઈ છે. તિઘરા જકાતનાકા જેવા સતત વાહનવ્યવહારથી ધમધમતા વિસ્તારમાં બેફામ ઝડપે વાહન હંકારવાના આ બનાવથી સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. રસ્તો વાહનોની રફતાર માટે છે, રાહદારીઓના જીવ જોખમમાં મૂકવા માટે નહીં વાહનચાલકોની બેદરકારી સામે કડક કાર્યવાહી થાય તેવી માંગ ઉઠી છે.

# યુકેમાં વર્ક પરમિટ વિઝાના બહાને દંપતી સાથે 39.55 લાખની ઠગાઈ

**ગણદેવીના** દંપતી પાસેથી નાણાં પડાવી પત્નીને લંડન મોકલાયા બાદ વિઝા રદ કરાવી પરત મોકલી દેવાતા ત્રણ એજન્ટ સામે ગુનો નોંધાયો

બીલીમોરા : બીલીમોરાના ગણદેવી તાલુકાના કોથા ગામના આહીર દંપતીને યુકેના વર્ક પરમિટ વિઝા અપાવવાના બહાને રૂપિયા ૩૯.૫૫ લાખની માતબર રકમ પડાવીને વિશ્વાસઘાત અને છેતરપિંડી કર્યાનો બનાવ સામે આવ્યો છે. આ મામલે ગણદેવી પોલીસ સ્ટેશનમાં ત્રણ વ્યક્તિઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, કોથા ગામના આહીરવાસમાં રહેતા સંદીપ ઠાકોરભાઈ આહીરના ફોઈ લંડનમાં સ્થાયી થઈ મોટેલનો વ્યવસાય ચલાવતા હોવાથી, સંદીપભાઈ અને તેમના પત્ની વિધિબેનને પણ યુકે જઈ સ્થાયી થવાનું વિચાર્યું હતું.

આ દરમિયાન તેમનો સંપર્ક ગણદેવીની શિવધારા રેસિડેન્સીમાં રહેતા રવીકુમાર પુરોહિતભાઈ પ્રસાદ સાથે થયો હતો. રવીકુમારે યુકેના વર્ક પરમિટ વિઝા અપાવવાની વાત કરી અમદાવાદના સી.જી. રોડ સ્થિત અંકિત એપાર્ટમેન્ટમાં રહેતા કવન તપન જયસ્વાલ અને કેવિન પટેલ સાથે મુલાકાત કરાવી હતી. આ ત્રણેય એજન્ટોએ મળીને ઓક્ટોબર ૨૦૨૩થી શરૂ કરીને જુદા-જુદા બહાના હેઠળ આશરે ત્રણ વર્ષના સમયગાળા દરમિયાન દંપતી પાસેથી કુલ રૂપિયા ૩૯,૫૫,૦૦૦ જેટલી માતબર રકમ પડાવી લીધી હતી.

એટલી મોટી રકમ ચૂકવ્યા છતાં બંનેના વિઝાનું કામ યોગ્ય રીતે થયું ન હતું. આરોપીઓએ માત્ર પત્ની વિધિબેનને ત્રણ મહિનાના ટૂંકા ગાળાના વિઝા અપાવ્યા હતા અને યુકે પહોંચ્યા બાદ વિઝા લંબાવી આપવાની ખાતરી આપી હતી, જ્યારે પતિ સંદીપ આહીરના વિઝા માટે વધુ નાણાંની માંગણી કરવામાં આવી હતી. ગત ૪ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ વિધિબેન અમદાવાદથી દુબઈ થઈ લંડન પહોંચ્યા ત્યારે એરપોર્ટ પર તેમના વિઝા રદ થઈ ગયા હોવાનું જણાવી તેમને પરત ભારત મોકલી દેવામાં આવ્યા હતા. વિઝા રદ થયાની અગાઉથી જાણ હોવા છતાં આરોપીઓએ દંપતીને અંધારામાં રાખ્યું હતું.

દંપતીએ રોકાણ કરેલા નાણાં પરત માંગતા આરોપીઓએ સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. આથી આખરે સંદીપ આહીરે ગણદેવી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. આ મામલે પોલીસે રવીકુમાર પ્રસાદ, કવન જયસ્વાલ અને કેવિન પટેલ વિરુદ્ધ વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુનો નોંધીને ગણદેવી વુમન પીએસઆઈ કે. આર. નાયકા દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# મોગરાવાડીમાં જૂની અદાવતમાં બે જૂથ વચ્ચે હિંસક અથડામણ

**ઘર** આંગણે ધસી આવી લોખંડના સળિયા અને લાકડાથી હુમલો કરતાં બે યુવક ઈજાગ્રસ્ત

વલસાડ : વલસાડ શહેરના મોગરાવાડીમાં જૂની બોલાચાલીની અદાવત રાખી બે જૂથો વચ્ચે મારામારી થતાં આ હિંસક અથડામણમાં પોલીસે બંને પક્ષે સામસામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રથમ ઘટના અંગે સહયોગનગર, મોગરાવાડીમાં રહેતા સંદીપ દેવસીંગ પ્રજાપતિએ નોંધાવેલી ફરિયાદ મુજબ, બંને પક્ષો વચ્ચે સમાધાન બેઠક દરમિયાન તકરાર થઈ હતી. જેની અદાવત રાખી શુભમ અખિલેશ સીંગ, નિશાંત શુકલા, આદર્શ સંતોષ દુબે, કરણ તિવારી, પ્રિન્સ દુબે, પરમજીત દુબે અને બે અજાણ્યા શખ્સો ત્રણ મોપેડ પર લાકડા અને લોખંડના સળિયા સાથે સંદીપના ઘર આંગણે ધસી આવ્યા હતાં. આ ટોળાએ સંદીપના નાના ભાઈ અજય તેમજ દિપક વર્મા પર હુમલો કર્યો હતો. લોખંડના સળિયા અને લાકડાના ફટકાથી અજયને માથાના ભાગે ગંભીર ઈજા થતાં પાંચ ટાંકા અને દિપકને આંખ નીચે ૩ ટાંકા આવ્યા હતાં. બંને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે વલસાડ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં. આ મામલે ગુનો નોંધી પીએસઆઈ બી. એચ. રાઠોડને તપાસ સોંપી છે.

સામા પક્ષે મોગરાવાડીના શ્રીસાંઈ રેસીડેન્સીમાં રહેતા અને ચાની દુકાન ચલાવતા સૌરભ અખિલેશ સીંગે વળતી ફરિયાદ નોંધાવી છે. સૌરભના જણાવ્યા મુજબ, તે પોતાની દુકાન બંધ કરી મોટરસાયકલ પર ઘરે પરત ફરી રહ્યો હતો. તે દરમિયાન સાંઈપાર્કના પાછળના ગેટ પાસે પોલીસ હેડ ક્વાર્ટર્સ રોડ પર સંદીપ પ્રજાપતિ અને અભિષેક ઉર્ફે રવિ યાદવે તેને રસ્તામાં રોક્યો હતો. બંને શખ્સોએ માર મારી સંદીપે રસ્તા પર પડેલા લાકડા વડે સૌરભની પીઠના ભાગે ફટકો મારી ઈજા પહોંચાડી હતી. આ અંગે પોલીસે સંદીપ પ્રજાપતિ અને અભિષેક યાદવ સામે ગુનો નોંધી એએસઆઈ એચ. વી. ગોહિલને તપાસ સોંપી છે.

# વલસાડમાં ઓનલાઈન ગેસ બિલ ભરવાના બહાને સાયબર છેતરપિંડી

**મોબાઈલનું** એક્સેસ મેળવી ખાતામાંથી ૧.૨૫ લાખ રૂપિયા ઉપાડી લીધા

વલસાડ : વલસાડ શહેરમાં રહેતા અને બીલીમોરામાં ડીઝાઈનર તરીકે વ્યવસાય કરતા મેહુલ દેસાઈ સાથે ઓનલાઈન ગેસ બિલ ભરવાના બહાને સાયબર છેતરપિંડી થઈ હોવાની ફરિયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત વિગત અનુસાર, ગત ૧૨ સપ્ટેમ્બરે ફરિયાદી મેહુલકુમારના મોબાઈલ ફોન પર ફોન આવ્યો હતો. ફોન કરનારે GSPC ઓફિસમાંથી બોલતો હોવાની ઓળખ આપી જણાવ્યું હતું કે તેમનું ગેસ બિલ ભરવાનું બાકી છે, જો બિલ નહીં ભરો તો રાત્રે ગેસ સપ્લાય બંધ થઈ જશે. ફરિયાદીએ બિલ ભરી દીધું હોવાનું જણાવતા સામેવાળાએ સિસ્ટમમાં પેમેન્ટ દેખાતું નથી તેમ કહી ફોન કાપી નાખ્યો હતો.

ત્યારબાદ ફરિયાદીના વોટ્સએપ પર એક અજાણ્યા નંબર પરથી લિંક મોકલવામાં આવી હતી. આ લિંક ઓપન કરતાં 'ગેસ ઈન્ડિયા' નામની એપ ડાઉનલોડ થઈ હતી, જેમાં ફરિયાદીએ પોતાના ડેબિટ કાર્ડની વિગતો ભરી હતી. શંકા જતા તેમણે બેંકના ટોલ-ફ્રી નંબર પર ફોન કરી કાર્ડ તથા ખાતું બ્લોક કરવા વિનંતી કરી હતી, પરંતુ તે દરમિયાન સાયબર ઠગોએ મોબાઈલનું એક્સેસ મેળવી AU સ્મોલ ફાઈનાન્સ બેંકના ખાતામાંથી કુલ રૂપિયા ૧,૨૫,૦૮૬.૮૩ ઉપાડી લીધા હતા.

મોબાઈલ સ્વીચ ઓફ કરીને ફરી ચાલુ કરતાં ખાતામાંથી રૂપિયા કપાઈ ગયાના મેસેજ મળતા ફરિયાદીને પોતાની સાથે થયેલી છેતરપિંડીની જાણ થઈ હતી. આ બાબતે સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવ્યા બાદ વલસાડ પોલીસ મથકે અજાણ્યા વિરુદ્ધ ગુનો નોંધાવ્યો છે. આ મામલે પોલીસે આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# નવસારીની ગિફ્ટ શોપમાં ભીષણ આગ ભભૂકી ઊઠી

**દુકાનના** એસીમાં સ્પાર્ક થતાં લાગેલી આગમાં લાખોનો માલ ભસ્મ, ફાયર બ્રિગેડે એક કલાકમાં આગ કાબૂમાં લીધી



નવસારી: નવસારીના ગોલવાડ વિસ્તારમાં શનિવારે ભરચક માર્ગ પર આવેલી 'સ્માઈલ કાર્ડ્સ એન્ડ ગિફ્ટ' નામની દુકાનમાં અચાનક આગ ભભૂકી ઊઠતાં અફરાતફરી મચી હતી. પ્રાથમિક માહિતી મુજબ દુકાનના એસીમાં સ્પાર્ક થતાં આગ લાગી હતી અને જોતજોતામાં સમગ્ર દુકાન આગની લપેટમાં આવી ગઈ હતી. દુકાનમાં વેચાણ તથા સ્ટોરેજ માટે રાખવામાં આવેલા મોંઘા ગિફ્ટ આર્ટિકલ્સનો મોટો જથ્થો બળીને ખાખ થઈ જતાં વેપારીને મોટું આર્થિક નુકસાન થયું હતું.

ઘટનાની જાણ થતાં નવસારી ફાયર વિભાગના આશરે ૧૦ જવાનો બે ફાયર વાહનો સાથે તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા. ગોલવાડ વિસ્તાર સતત વાહનવ્યવહારથી ધમધમતો હોવાથી આગ પર કાબૂ મેળવવાની કામગીરી પડકારજનક બની હતી. ફાયર જવાનોએ પાણીનો મારો ચલાવી અંદાજે એક કલાકની જહેમત બાદ આગને કાબૂમાં લીધી હતી.

આગ આસપાસની દુકાનો અને રહેણાંક વિસ્તારમાં પ્રસરે તે પહેલાં કાબૂમાં આવી જતાં મોટી દુર્ઘટના ટળી હતી. સદનસીબે બનાવમાં કોઈ જાનહાનિ થઈ નથી. જોકે, દુકાનમાં રાખવામાં આવેલા મોંઘા ગિફ્ટ આર્ટિકલ્સનો મોટો જથ્થો બળી જતાં વેપારીને ભારે નુકસાન થયું છે. આગનું ચોક્કસ કારણ અને નુકસાનની રકમ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

### પોલીસકર્મી સાથે બનેલી ઘટનાને પગલે કાયદો-વ્યવસ્થાની સ્થિતિ અંગે સવાલો ઊભા થયા

# યુવકને બચાવવા વચ્ચે પડેલા સુરતનાં પોલીસકર્મી પર હુમલો

**નવસારીમાં** લાકડી બાદ તલવાર-ડંડા સાથે પીછો કરી હુમલો કરાયો હોવાનો દાવો



નવસારી: નવસારી શહેરમાં યુવક સાથે થઈ રહેલી મારામારી અટકાવી તેને બચાવવા વચ્ચે પડેલા સુરત સિટી પોલીસના એલ.આર. વિશાલ ખાન પઠાણ સાથે જ મારામારી થઈ હોવાનો બનાવ સામે આવ્યો છે. યુવકને બચાવ્યા બાદ પોલીસકર્મીને ધમકી આપી હોવાના આક્ષેપ વચ્ચે બાદમાં તેમનો પીછો કરી તલવાર અને ડંડા વડે હુમલો કરાયો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. હુમલામાં ગંભીર ઈજા થતાં તેમને હોસ્પિટલમાં ખસેડાયા હતા.

મળતી વિગતો મુજબ, ગત ૩૧ ઓગસ્ટે રસ્તા પર એક યુવક સાથે કારમાં આવેલા આશરે ૬થી ૭ શખ્સો મારામારી કરી રહ્યા હતા. આ સમયે ત્યાંથી પસાર થઈ રહેલા એલ.આર. વિશાલ ખાન પઠાણે માનવતાના ધોરણે દરમિયાનગીરી કરી યુવકને હુમલાખોરોથી બચાવવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન તેમની સાથે બોલાચાલી થઈ હોવા ઉપરાંત મારી નાખવાની ધમકી આપવામાં આવી હોવાનો આક્ષેપ છે.

આ ઘટનાના થોડા સમય બાદ કાળા રંગની સ્કોર્પિયો કારમાં આવેલા કેટલાક શખ્સોએ પોલીસકર્મીનો પીછો કરી તેમને રોક્યા હતા. આ દરમિયાન અનમોલ શર્મા નામના શખ્સે તલવાર વડે અને વિજય ભરવાડે ડંડા વડે હુમલો કર્યો હતો. હુમલામાં વિશાલ ખાન પઠાણ લોહીલુહાણ થયા હતા. બનાવ બાદ તેમના મિત્રોએ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા.

પોલીસકર્મી સાથે બનેલી આ ઘટનાને પગલે કાયદો-વ્યવસ્થાની સ્થિતિ અંગે પણ સવાલો ઊભા થયા છે. ખાસ કરીને સામાન્ય યુવકને બચાવવા દરમિયાનગીરી કરનાર પોલીસકર્મી જ હુમલાનો ભોગ બન્યાના આક્ષેપે મામલો વધુ ગંભીર બન્યો છે.

હાલ સમગ્ર મામલે પોલીસે ઈજાગ્રસ્ત પોલીસકર્મીનું નિવેદન લઈ તપાસ હાથ ધરી છે. હુમલામાં કોણ-કોણ સામેલ હતું, હુમલા પાછળનું ચોક્કસ કારણ શું હતું અને સમગ્ર ઘટનાક્રમ કેવી રીતે બન્યો તે જાણવા CCTV ફૂટેજ મહત્વના બની શકે છે.






સત્યાંશી જૈમિન શુક્લ, રાજલક્ષ્મી સોસાયટી, નવસારી



આકાશ, હવેલી મોહલ્લો, સંતોષી માતા મંદિર, નવસારી



જયેશ પટેલ, ભવાની ગ્રુપ, સાયણ



ધૈર્ય આશિષ નાયક, જલારામ મંદિર, બારડોલી



દિવ્યેશ પટેલ,જોરાવાસણ, નવસારી